અહેવાલ : મધુ મહેતા

# ઉદઘાટન સમારોહ




ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત 'લીલાવતી નેચરક્યોર એન્ડ યોગા રિસર્ચ સેન્ટર' નો ઉદઘાટન સમારોહ તા. ૭/૩/૨૦૧૯ ના રોજ કેન્દ્રના માનનીય રાજયમંત્રીશ્રી પરશોતમભાઈ રૂપાલા (કૃષિ, ખેડૂત કલ્યાણ અને પંચાયતી રાજ) (ભારત સરકાર, નવી દિલ્હી) દ્વારા યોજાય ગયો. મંત્રીશ્રી પરશોતમભાઈ રૂપાલા ના સાંનિધ્યમાં અને તેઓશ્રીના વરદ હસ્તે ૧૨, એકર જમીનમાં ફેલાયેલ આ નેચરોપેથી એન્ડ યોગા રિસર્ચ સેન્ટરનાં વિશાળ કેમ્પસમાં કાર્યક્રમ યોજાયો હતો. કુદરતી પદ્ધતિથી જ સ્વાસ્થય જાળવણી માટેનું આ સેન્ટર આપણને કુદરતી સંશાધનો દ્વારા સ્વાસ્થય ની તાજગી અને ચમક પ્રદાન કરે છે. આજની ભાગદોડ વાળી જિંદગી માં નિરાંતે બેસવા માટેનો આ વિસામો છે જયાં માણસ તરોતાજા બને છે.



સેન્ટરના ઉદઘાટન પ્રસંગે સાંસદશ્રી પુનમબેન માડમ, ધારાસભ્યશ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (હકુભા), શ્રી મનસુખ મેઘજી દોઢિયા (પ્રમુખશ્રી ઓશવાળ શિક્ષણ અને રાહત સંઘ) અતિથિવિશેષ પદે ઉપસ્થિત રહયા હતા અને અમને સૌને ગૌરવાન્વિત કર્યા હતા.



૮૦ બેડની સુવિધા ધરાવતી આ નેચર ક્યોર રિસર્ચ એન્ડ યોગા સેન્ટર આંતરરાષ્ટ્રીય ધારાધોરણની સુવિધાઓ ધરાવે છે. આ પ્રસંગે મેયર હસમુખ જેઠવા, ભાજપ શહેર પ્રમુખ શ્રી હસમુખભાઈ હિન્ડોચા, ટ્રસ્ટના ચેરમેન શ્રી કાંતિલાલ એલ. હરિઆ, મેનેજિંગ ટ્રસ્ટીશ્રી રમણીકલાલ કે. શાહ, સેન્ટરના પ્રેરણા સ્ત્રોત શ્રીમતી લીલાવતીબેન આર. શાહ, માનદમંત્રીશ્રી ચંદુલાલ આર. શાહ, ટ્રસ્ટીશ્રીઓ શ્રી જયંતિલાલ એલ. હરિઆ, શ્રી મોહનલાલ જી. ગોસરાણી, શ્રી કેશવજી એમ. ગોસરાણી, શ્રી શાંતિલાલ નાગડા, શ્રી મનિષભાઈ હરિઆ, શ્રી ભરતેષ કે. શાહ, શ્રી અલ્કાબેન મારૂ, શ્રી રમેશ કેશવજી શાહ ઉપસ્થિત રહયા હતા.



કાર્યક્રમની શરૂઆત ઉપસ્થિત મહાનુભાવો ને હસ્તે દીપ પ્રાગટયથી કરવામાં આવી હતી. લીલાવતી નેચર ક્યોર એન્ડ યોગા રિસર્ચ સેન્ટર ની તકતી નું અનાવરણ માનનીય મંત્રીશ્રી પરશોતમભાઈ રૂપાલાને હસ્તે સમ્પન્ન થયું હતું. તો અન્ય બિલ્ડીંગોના ઉદઘાટન પણ કરવામાં આવ્યા હતા.



કેમ્પસ ટુરની માહિતી શ્રી પાર્થભાઈ દવે દ્વારા વિશાળ સેન્ટરની મુલાકાત લેતા અગ્રણીઓને આપવામાં આવી હતી. એડમીન બ્લોકસનું ઉદઘાટન લીલાવતી રમણીકલાલ શાહ પરિવાર દ્વારા સમ્પન્ન થયું હતું. ફિમેલ થેરાપી સેકશનનું ઉદઘાટન ધારાસભ્ય શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા દ્વારા કરવામાં આવ્યું હતું. યોગા સ્ટુડીયોનું ઉદઘાટન ઓશવાળ શિક્ષણ અને



રાહત સંઘના પ્રમુખશ્રી મનસુખ મેઘજી દોઢિયા દ્વારા થયું હતું. સ્યુટસ રૂમનું ઉદઘાટન માનનીય મંત્રીશ્રી રૂપાલા સાહેબ ને હસ્તે સમ્પન્ન થયું હતું. પંચકર્મ વિભાગનું ઉદઘાટન ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટના ચેરમેન શ્રી કાંતિભાઈ હરિઆના શુભ હસ્તે થયું હતું.

ઉદઘાટન કાર્યક્રમમાં વિશાળ જનમેદની ઉપસ્થિત રહી હતી. જામનગરની ૧૨ કિ.મી. ના અંતરે લાખાબાવળ ગામમાં આવેલ આ નેચરક્યોર સેન્ટર ન કેવળ જામનગરની પણ સમગ્ર ગુજરાત તેમજ દેશવિદેશથી પધારતા લોકો માટે અત્યંત ઉપયોગી બની રહેશે. અહીં 'હાશકારો' છે. 'જીવન' છે, 'તાજગી' છે, 'સ્વાસ્થય' છે અને 'ચેતના' છે.



આ પ્રસંગે સ્વાગત પ્રવચન આપતા ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી મનીષભાઈ હરિઆએ જણાવ્યું હતું કે પ્રકૃતિ સાથેનો મજબુત નાતો આપણને Root સાથે જોડી દે છે અન્ય મહેમાનોના પરિચય આપ્યો અને સમગ્ર અતિથિઓનો સવિશેષ આદર કર્યો હતો. ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી કેશવજીભાઈ ગોસરાણીએ ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ વિશે સવિસ્તર માહિતી આપી હતી. ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ ના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી રમણીકલાલ કે. શાહે 'લીલાવતી નેચર કયોર એન્ડ યોગા રિસર્ચ સેન્ટર' અંગે સંપૂર્ણ માહિતી આપી હતી સેન્ટર સાથે શ્રી રમણીકભાઈ નો હૃદયથી રિશ્તો છે અને અડગ મહેનત અને ખંતથી સેન્ટરના પાયામાં પ્રાણ પૂર્યો છે. સાંસદ સભ્યશ્રી પૂનમબેન માડમે પોતાના પ્રવચનમાં નારી સશક્તિકરણ સાથે સ્વાસ્થય માટે અગ્રતા આપવા કહયું હતું.



ઓશવાળ શિક્ષણ અને રાહત સંઘના પ્રમુખશ્રી મનસુખભાઈ મેઘજી દોઢિયાએ પ્રેરક પ્રવચન આપ્યું હતું માનનીય મંત્રીશ્રી રૂપાલા સાહેબે પ્રેરક ઉદબોધનમાં આજે મોબાઈલના વધતા જતા ઉપયોગ સામે લાલબતી ધરી હતી તો કુદરતી જીવન પદ્ધતિ આપણે વિસરી ગયા છીએ માટે જાતજાતના રોગો શરીરમાં પ્રવેશ કરે છે તે વિશે જણાવ્યું હતું. તેઓશ્રીએ કહયું 'માણસ ઊગતો સૂરજ જોતો નથી અને એટલેજ બીમાર પડે છે' – ટૂંકમાં પ્રાતઃ કાળે જાગી જનાર, સૂર્યના કિરણોને ઝીલી લેનાર માણસ જલ્દીથી બીમાર પડતો નથી – આપણે આપણી આ સંસ્કૃતિ તરફ પાછું વળવુંજ પડશે.

આનંદોત્સવમાં ભીંજાતા ઉપસ્થિત સૌએ 'લીલાવતી નેચરકયોર એન્ડ યોગા રિસર્ચ સેન્ટર' ની આધુનિક પ્રાચીન પરંપરા દ્વારા તંદુરસ્તી માટે તો નવો અભિગમ નિહાળ્યો હતો કાર્યક્રમના અંતે આભારવિધિ માનદમંત્રીશ્રી ચંદુભાઈ આર. શાહ દ્વારા કરવામાં આવી હતી.



કાર્યક્રમના અંતે રસપ્રચુર ભોજન નો સ્વાદ લઈને, તંદુરસ્તીનો ખજાનો કયાંથી મળી શકે તેની 'કી' લઈને કાર્યક્રમને પુર્ણ કરવામાં આવ્યો હતો.

ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ ઉપસ્થિત સર્વેને મુલાકાત લેવા માટે, સેન્ટરને નિહાળવા માટે ધન્યવાદ પાઠવે છે.